અપીલ અરજી નં.૧૪૮/ ૦૮–૦૯ તા.૧–૯–૦૮

અરજદારઃ શ્રી રાજેશ એ. ગિરિ
સામાવાળાઃશાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ)

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ એ. ગિરિની તા.ર૯–૭–૦૮ ની અરજીથી હાલમાં સમાચારપત્રોમાં મારા નામ જોગ જે કાંઈપણ પ્રસિધ્ધ થયું છે તે માહિતી કોણે આપી અથવા કચેરી ધ્વારા માહિતી આપેલ છે કે કેમ? અને માહિતી આપેલ હોય તો તેના આનુસાંગિક આધાર પુરાવાની નકલ (નિયમ મુજબ વ્યકિતની જીવનને સ્પર્શતી માહિતી ૪૮ કલાકમાં આપવાની જોગવાઈ પ્રમાણે ) ૪૮ કલાકમાં પ્રમાણિત નકલો વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૮/ર૦૦૮–૦૯

શ્રી રાજેશ એ. ગિરિની તા.ર૯–૭–૦૮ ની અરજીથી હાલમાં સમાચારપત્રોમાં મારા નામ જોગ જે કાંઈપણ પ્રસિધ્ધ થયું છે તે માહિતી કોણે આપી અથવા કચેરી ધ્વારા માહિતી આપેલ છે કે કેમ? અને માહિતી આપેલ હોય તો તેના આનુસાંગિક આધાર પુરાવાની નકલ (નિયમ મુજબ વ્યકિતની જીવનને સ્પર્શતી માહિતી ૪૮ કલાકમાં આપવાની જોગવાઈ પ્રમાણે ) ૪ ૮ કલાકમાં પ્રમાણિત નકલો વિ.માહિતી આપવા બાબતે કોઈપણ પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૧૬ તા.૮–૯–૦૮ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ન.પ્રા.શિ.સ/નં.૧૦૧ તા.૧પ–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર અરજદારે અપીલ અરજીમાં માહિતી મળી નથી અને વિના મુલ્યે મેળવવા માટે અપીલ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તા.ર૭–૮–૦૮ ના રોજ માહિતી પૂરી પાડવા ફી ભરવા જણાવતાં પત્રની નકલ રજૂ કરેલ છે જે અરજદારને ૩૦ મા દિવસે મોકલ્યાનું જણાય છે. આરટીઆઈ કાયદાની જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પત્ર તેજ દિને મોકલાવ્યાના આધાર રજૂ કરેલ નથી તથા કલમ–૮ ના અપવાદ હેઠળ ઈન્કાર દર્શાવતી માહિતી પત્રની નકલ પણ મોકલ્યાનું જણાતું નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારનીતા.ર૯–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી દિન–૩૦ ની અવધિ પુર્ણ થયેલ હોઈ આપવા જોગ માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા તથા ઈન્કાર કે આંશિક અંગે કલમ–(૮) ના સ્પષ્ટ અપવાદની વિગત સહિત અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ સૂચિત કરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી, (ન.પ્રા.શિ.સમિતિ) ..... જાણ તથા અમલ માટે
(ર)શ્રી રાજેશ એ. ગિરિ,